# Day to Day Current Affairs
## August – 2015

### ❖ ૨૦ ઓગસ્ટ, ૨૦૧૫ (ગુરૂવાર)

### 1) ૨૦ ઓગસ્ટ :–

- વર્લ્ડ મોસ્કિટો (મચ્છર) ડે
- ભારતમાં જન્મેલા બ્રિટિશ ડોકટર રોનાલ્ડ રોસના જન્મ દિવસને વર્લ્ડ મોસ્કિટો ડે તરીકે ઉજવાય છે.
- મેલેરિયા માદા મચ્છરો દ્વારા ફેલાય છે તેવું શોધવા માટે ડો. રોસને વર્ષ ૧૯૦૨ માં નોબેલ પારિતોષિક એનાયત થયું હતું.

### 2) કોચી એરપોર્ટ વિશ્વનું પ્રથમ સોલાર પાવર સંચાલિત એરપોર્ટ બન્યુ :–

- તાજેતરમાં કેરળ રાજયનું કોચી શહેર વિશ્વનું પ્રથમ સોલાર પાવર સંચાલિત એરપોર્ટ બન્યું.
- દુનિયામાં હાલમાં ૪૪ હજાર એરપોર્ટ છે અને ભારતમાં ૩૫૨ જેમા કોચી એરપોર્ટે આ અનોખી સિધ્ધી નોંધાવી હતી.
- કેરળનું પાટનગર :– તિરૂવનંતપુરમ
- કેરળના મુખ્યમંત્રી :– ઓમાન ચાંડી

### 3) નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામીનેશન (NTSE) :–

- ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો. ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતી આપવા માટેની રાષ્ટ્રીય પ્રતિભા શોધ (NTSE) પરીક્ષા બે તબકકામાં લેવામાં આવશે.
- આ પરીક્ષા (NCERT) નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા લેવાય છે.
- પરિક્ષા માટે ૨૦ ઓગસ્ટ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.
- ધો. ૧૦ માં ચાલુ વર્ષે અભ્યાસ કરતો કોઈપણ શાળાનો વિદ્યાર્થી અરજી કરી શકશે. વિદ્યાર્થીઓના પરિવારની આવકને ધ્યાનમાં લેવાશે નહિ.
- ધોરણ પ્રમાણે મળતી શિષ્યવૃતી :–
  – ધો. ૧૧ અને ૧૨ માટે માસિક રૂા. ૧૨૫૦ શિષ્યવૃતિ મળશે.
  – કોલેજ માટે માસિક રૂા. ૨૦૦૦ શિષ્યવૃતિ મળશે.
  – તેમજ પીએચડી અભ્યાસ માટે યુજીસી નિયમો મુજબ શિષ્યવૃતી મળવા પાત્ર થશે.
- પરિક્ષા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં લેવાશે જે ૨૦૦ ગુણની હશે અને ૨૦૦ પ્રશ્નો પૂછાશે. પરિક્ષાની સમય મર્યાદા ત્રણ કલાકની રહેશે.
- પરિક્ષા, સ્કોલરશીપ સહિતની તમામ www.sebexam.org માહિતી વેબ સાઈટ પરથી મળી શકશે.

### 4) સુષમા સ્વરાજ વિદેશ પ્રવાસ :–

- વિદેશ પ્રધાન સુષમા સ્વરાજ આગામી ૨૪ ઓગસ્ટથી ઈજિપ્તના પ્રવાસે જશે.
- ઈજિપ્ત આફ્રિકાખંડમાં આવેલ ભારતનો એક મિત્ર દેશ છે.
- ઈજિપ્ત પ્રમુખ :– અબ્દુલ અલ ફત્તાહ અલ સિરી

### 5) સબાસ્ટિયન કો :–

- ભૂતપૂર્વ ઓલિમ્પિયન ગોલ્ડ મેડલ વિજેતા રેસર સબાસ્ટિયન કો ને આંતરરાષ્ટ્રીય એથ્લેટિકસ મહાસંઘના નવા અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.
- તેમનો કાર્યકાળ ચાર વર્ષનો રહેશે.
- સબાસ્ટિયન ભૂતપૂર્વ નંબર વન પોલવોસ્ટર સર્જેઈ બુબકાને હરાવ્યા હતા.
- બ્રિટનના સબાસ્ટિન હવે સેનેગાલેસ લેમાઈન ડિયાકનું સ્થાન લેશે.

### 6) મહિલા સુરક્ષા માટે સુરક્ષિત રાજયોની યાદી :–

- તાજેતરમાં નેશનલ ક્રાંઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા જાહેર કરાયેલ યાદીમાં નાગાલેન્ડએ મહિલાઓ માટે સૌથી સુરક્ષિત રાજયોમાં સ્થાન પામ્યું છે.
- આ યાદી ૨૦૧૪ના ગુનાહિત આંકડાઓ દ્વારા તૈયાર કરાઈ છે.
- યાદીમાં ટોપટેનમાં ગુજરાતને સ્થાન ન મળ્યું.
- ટોપ – ૫ રાજયો, જયાં મહિલાઓ વધારે સુરક્ષિત છે.
  ૧) નાગાલેન્ડ, ૨) લક્ષદ્રીપ, ૩) પોંડીચેરી, ૪) દાદરા – નગર હવેલી, ૫ ) દમણ અને દીવ

Vivekanand Academy, Gandhinagar